**DATE: 26/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–02**

## રીકશાચાલકની મદદથી પોલીસે વાલીને શોધી કાઢયાં

# અંકલેશ્વરમાં વિખૂટા પડેલા બે બાળકોનું પરિવાર સાથે મિલન

ભાસ્કરન્યૂઝ | અંકલેશ્વર



અંકલેશ્વર નેશનલ હાઈવે નંબર 48 પર આવેલા નિલેશ ચોકડી ખાતે આજરોજ સવારે 6 વર્ષીય બાળકી અને તેનો નાનો ભાઈ રખડી રહ્યા હતા

દરમિયાન રીક્ષા ચાલક અમીરસ રાવલની તેના પર નજર પડતાં તેઓ બાળક પાસે પહોંચી તેમના પરિવાર વિશે પૂછાતા બાળકો મુંઝાઈ ગયા હતાં. આખરે તેમણે જીઆઈડીસી પોલીસને જાણ કરી હતી. પોલીસને બાળકોએ તેમના નામ અને સરનામું જણાવ્યું હતું. રીયા અને ભરત બંને બાળકો યોગી એસ્ટેટ વિસ્તારમાં તેના માતાપિતા સાથે રહેતાં હોવાની જાણ થતાં તે વિસ્તારમાં શોધખોળ શરૂ કરવામાં આવી હતી. મકોડીયા દંપતી પણ પોતાના સંતાનો ની શોધખોળ કરી રહ્યા હતા. બંને બાળકોનો પરીવાર સાથે ભેટો થઈ ગયો હતો. દંપતીએ પોલીસ અને રીકશાચાલકનો આભાર માન્યો હતો.

**DATE: 26/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### સફાઇના બહાને ઓફિસમાં બોલાવી પોત પ્રકાશવાની ઘટના

# અંકલેશ્વરમાં છાત્રા સાથે શારીરિક અડપલાં કરનારો આચાર્ય ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર તાલુકાની એક પ્રાથમિક શાળા માં ધોરણ 8માં અભ્યાસ કરતી બાળકી સાથે શારીરિક અડપલાં કરનાર આચાર્યને શહેર એ ડિવિઝન પોલીસે ગણતરીના કલાકોમાં ઝડપી લઈ વધુ તપાસ હાથ ધરી છે.

અંકલેશ્વર તાલુકાના એક ગામની આદિવાસી 13 વર્ષની દીકરી 2 દિવસથી શાળાએ જતી ન હતી. જેનું કારણ સરકારી શાળાના આચાર્યએ જ ધોરણ 8મા



અભ્યાસ કરતી બાળકી ની છેડતી કરી હતી. ચાલુ શાળાએ બાળકોને ઓફિસની સફાઈ કરવાના બહાને આચાર્યએ બોલાવી શારીરિક અડપલા કર્યા હતા. ગભરાયેલી બાળકી આચાર્યની ચુંગાલમાંથી છટકીને બહાર દોડી આવી હતી.

આ ઘટના બાદ હેબતાઇ ગયેલી દીકરી શાળાએ જતાં ગભરાઈ રહી હતી જો કે તેની માતાને તેણે આપવિતી જણાવી હતી અને આચાર્યનું કરતૂત સામે આવ્યું હતું. આચાર્યએ માફીપત્ર લખી આપ્યું હતું અને ગામના સરપંચે પણ ધમપછાડા કર્યા હતાં પણ પોલીસે મક્કમતાથી આરોપી આચાર્ય સામે કાર્યવાહી કરી છે. પોલીસે શાળાના આચાર્ય હિતેન્દ્ર પરમાર સામે પોકસો એક્ટ હેઠળ ગુનો નોંધી તેની ધરપકડ કરી લીધી છે.

**DATE: 26/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

# વિદેશીદારૂ સાથે એક ઝબ્બે, એક ફરાર

ભાસ્કરન્યૂઝ | ભરૂચ

ભરૂચ એ ડિવિઝન પોલીસે સ્ટેશન સર્કલ પાસેથી સાબીર મોહમદ શબ્બીર શેખ(રહે. વેજલપુર, પારસીવાડ)ને વિદેશીદારૂના જથ્થા સાથે ઝડપી પાડ્યો હતો. પોલીસે તેની ઉલટ પુછપરછ કરતાં અંબિકાનગર ખાતે રહેતાં જિજ્ઞેશ ઉર્ફે સચીન છત્રીવાલાએ તેને રૂપિયા આપતાં તેણે મુંબઇ જઇ બોરીવલીથી દારૂ ખરીદી લાવ્યો હોવાની કબુલાત કરી હતી. ટીમેતેની પાસેથી કુલ 28 હજારનો દારૂ જપ્ત કરી જિજ્ઞેશ છત્રીવાલાને વોન્ટેડ જાહેર કર્યો.

# ઝઘડિયામાં દારૂ સાથે મહિલા ઝડપાઈ

ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા

ઝઘડિયા પોલીસે સુલતાનપુરા ખાડી ફળિયામાં રહેતી કોકિલા વસાવાના ઘરે દરોડો પાડી દારૂની 20 બોટલો ઝડપી પાડી હતી. તેણે આ દારૂનો જથ્થો સતીષ વસાવાએ આપ્યો હોવાની કબૂલાત કરી હતી. પોલીસે મહિલા સહિત બે આરોપીઓ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. મહિલાને દારૂ આપનારા બુટલેગરને ઝડપી પાડવા કવાયત હાથ ધરાઈ છે.

**DATE: 27/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

**બસ હવે ખમૈયા :** બેફામ દોડતાં વાહનોથી અકસ્માતો થતા હોવાના તારણ બાદ તંત્રનો નિર્ણય

# નર્મદા મૈયા બ્રિજ પર ગતિ મર્યાદા, 40થી વધુની ઝડપે વાહન હંકાર્યું તો મેમો મળશે

## 20 દિવસમાં 15 બનાવો બનતાં દોડધામ, આરટીઓ અને પોલીસની ટીમો તૈનાત કરાશે

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ, અંકલેશ્વર

ભરૂચમાં 1.5 કિમીની લંબાઈ ધરાવતાં નર્મદા મૈયા બ્રિજ પર અકસ્માતના બનાવો રોકવા માટે હવે તમામ વાહનોની ગતિ મર્યાદા 40 કિમી પ્રતિ કલાક નક્કી કરી દેવામાં આવી છે. આ નિયમનો ભંગ કરનારાઓ સામે મોટર વ્હીકલ એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધવામાં આવશે. નર્મદા મૈયા બ્રિજ તથા આસપાસના માર્ગ પર છેલ્લા 20 દિવસમાં 15થી વધારે નાના- મોટા અકસ્માતના બનાવો બની ચૂક્યા છે.

નર્મદા મૈયા બ્રિજ પર રવિવારે રાત્રિના સમયે 3 વાહનો વચ્ચે થયેલાં અકસ્માતમાં ભરૂચના યુવાનનું મોત થયું હતું. બ્રિજ પર વધી રહેલાં બનાવોના કારણે તંત્ર સક્રિય બન્યું છે. સોમવારે કલેક્ટર, એસપી, આરટીઓ, એસટીના વિભાગીય નિયામક સહિતના અધિકારીઓએ નર્મદા મૈયા બ્રિજની મુલાકાત લઈ અકસ્માત થવાના કારણો જાણ્યાં હતાં. જેમાં પૂરઝડપે પસાર થતાં વાહનો અકસ્માત માટે જવાબદાર હોવાનું જણાતાં નર્મદા મૈયા બ્રિજ પરથી પસાર થતાં દરેક વાહનચાલક માટે ગતિ મર્યાદા 40 કિમી પ્રતિ કલાકની નક્કી કરવામાં આવી છે.

ભરૂચના ગોલ્ડનબ્રિજને સમાંતર નવા નર્મદા મૈયા બ્રિજને 2021માં વાહનવ્યવહાર માટે ખુલ્લો મુકવામાં આવ્યો હતો. શરૂઆતમાં એસટી બસોની અવરજવરને છૂટ આપવામાં આવ્યા બાદ બંધ કરી દેવામાં આવી હતી અને તેનું કારણ પણ અકસ્માતો જ હતાં. હાલમાં એસટી બસોને છૂટ આપવામાં આવ્યાં બાદ ફરી અકસ્માતો વધ્યાં છે. પ્રાથમિક તપાસમાં રસ્તો ચીકણો હોવાથી ખાસ કરીને હિવકી વાહનો સ્લીપ થઈ રહ્યાં છે. હવે નર્મદા મૈયા બ્રિજ પર ગતિ મર્યાદા 40 કિમી પ્રતિ કલાક કરી દેવાઈ છે.



અધિકારીઓએ અકસ્માત નિવારવા ચર્ચા કરી હતી.

### ક્યાં પગલાં લેવાનું નક્કી કરાયું

- રસ્તા ઉપર રિફ્લેક્ટર લગાવાશે
- સ્પીડગનની મદદથી વાહનો પર નજર
- ડ્રિન્ક એન્ડ ડ્રાઈવનું સઘન ચેકિંગ
- રોડની સપાટી ખરબચડી કરાશે
- 15 દિવસ સતત મોનિટરિંગ કરાશે

### પોલીસની ટીમો રાઉન્ડ ધ ક્લોક પેટ્રોલિંગ કરશે

નર્મદા મૈયા બ્રિજ પર વાહનો પર નજર રાખવામાં આવશે અને તેના માટે આરટીઓની મદદ લેવાશે. જો કોઈ વાહનચાલક નિયમનો ભંગ કરશે તો તેની સામે મોટરવ્હીકલ એક્ટની કલમ હેઠળ સ્થળ પર કેસ કરી દેવામાં આવશે. રાઉન્ડ ધ ક્લોક પેટ્રોલિંગ કરવામાં આવશે. **ડૉ. લીના પાટીલ,** એસપી, ભરૂચ

### તારણોના આધારે પ્રાયોગિક ધોરણે નિર્ણય

પ્રાથમિક તબક્કે ઝડપી વાહનોના કારણે અકસ્માત થતાં હોવાથી પ્રાયોગિક ધોરણે દરેક વાહનની ગતિ 40 કિમી પ્રતિ કલાક કરવામાં આવી છે. રસ્તાની સપાટી રફ કરવા સહિતના પગલાં લેવા માર્ગ અને મકાન વિભાગને સૂચના આપી છે. **ડૉ. તુષાર સુમેરા,** કલેક્ટર

### એક્સપર્ટ વ્યૂ : અકસ્માતો માટે વાહનોની ગતિ જવાબદાર

એસટી બસોના જ્યાં અકસ્માત નડી રહ્યાં છે તે સ્થળની મુલાકાત લીધી છે. મારી કારને 100ની ઝડપે ચલાવી રસ્તાની ગુણવત્તા ચકાસી છે પણ રસ્તો નિયમાનુસાર જ છે. થોડી ઘણી ટેકનીકલ સમસ્યા છે તે ટેકનોલોજીની મદદથી દૂર થઈ શકે છે. રસ્તાને બ્રિજ પર એવા કોઈ વળાંક પણ નથી જેથી અકસ્માત થઈ શકે. અકસ્માતના કારણોની વાત કરવામાં આવે તો જ્યારે બસ નર્મદા મૈયા બ્રિજની નજીક આવે છે ત્યારે આસપાસના સૌંદર્ય અને નદીને જોવામાં ડ્રાઈવરો કાબુ ગુમાવતાં હોય તેમ બની શકે. આ ઉપરાંત ડ્રાઈવરની સીટના કારણે તેને ડિવાઈડર ન દેખાતાં હોય તેમ પણ બની શકે છે. અકસ્માતો માટે રસ્તાને દોષ આપવો મારી દ્રષ્ટિએ યોગ્ય નથી. વાહનોની ગતિ મર્યાદિત નહિ હોવાના કારણે અકસ્માતના બનાવો બની રહ્યાં છે. **વિશાલ ઠાકોર,** રસ્તા અને ટ્રાફિકની બાબતોના નિષ્ણાત

### એસટી તંત્રે માર્ગ વિભાગને પત્ર લખ્યો

વરસાદમાં રસ્તો ચીકણો બની જતો હોવાથી અકસ્માતો થતાં હોવાનું બહાર આવ્યું છે. જેથી એસટી નિગમે ભરૂચના માર્ગ અને મકાન વિભાગને પત્ર લખી જૂના નેશનલ હાઈવેના રોડની સપાટી મુખ્ય હાઈવે જેવી કરી આપવા માટે જણાવ્યું છે.

**DATE: 28/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–02**

### બંને કોમના આગેવાનો હાજર રહી સૂચનો કર્યાં

# ઉમલ્લામાં ઈદ પહેલાં શાંતિ સમિતિની બેઠક યોજાઈ

ભાસ્કરન્યૂઝ | ઝઘડિયા

ભરૂચ શહેર તથા જિલ્લામાં રથયાત્રા શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થયા બાદ હવે પોલીસ બકરી ઈદ પર ધ્યાન આપી રહી છે. ઝઘડિયા તાલુકાના ઉમલ્લામાં પોલીસે શાંતિ સમિતિની બેઠક બોલાવી હતી.

ઝઘડીયા તાલુકાના ઉમલ્લા પોલીસ મથકે આગામી ઈદ ના તહેવારને અનુલક્ષીને શાંતિ સમિતિની મીટીંગ નું આયોજન કરવામાં આવ્યું હતું ઉમલ્લા પોલીસ મથકના પીએસઆઈ બી.આર પટેલ ની અધ્યક્ષ સ્થાને શાંતિ સમિતિની બેઠકમાં આગેવાનો હાજર રહયાં હતાં. પીઆઈએ

કાયદો અને વ્યવસ્થા બાબતે આગેવાનોને જરૂરી સુચનાઓ આપી હતી. કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ તથા જાહેર સુલેહ શાંતિ અને સલામતીનો માહોલ જળવાઈ રહે તે માટે દરેકને ખાસ સૂચનાઓ આપવામાં આવી હતી. તહેવારોની ઉજવણી શાંતિમય માહોલમાં તેમજ કાયદામાં રહીને કરવાની ખાસ તાકિદ કરવામાં આવી હતી હતી .આ બેઠકમાં ઉમલ્લા પોલીસ મથક વિસ્તારના હિન્દુ મુસ્લિમ આગેવાનોએ હાજરી આપી હતી.

**DATE: 28/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

## પોલીસની ટીમે સ્પીડગનથી વાહનોની ઝડપ માપી, નિયમ ભંગ કરનારને 2 હજારનો દંડ ફટકારવામાં આવ્યો

# નર્મદા મૈયા બ્રિજ પર પ્રથમ દિવસે 27 દંડાયા

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ભરૂચમાં 1.5 કિમીની લંબાઇ ધરાવતાં નર્મદા મૈયા બ્રિજ પર અકસ્માતો રોકવા માટે દરેક વાહન માટે ગતિ મર્યાદા 40 કિમી પ્રતિ કલાક નક્કી કરવામાં આવી છે ત્યારે વાહનોની ગતિ પર અંકૂશ રાખવા પોલીસની ટીમો સ્પીડગન સાથે તેનાત કરી દેવામાં આવી છે. પ્રથમ દિવસે ગતિ મર્યાદાનો ભંગ કરનારા 13 સહિત કુલ 27 વાહનચાલકો દંડાયાં હતાં.

નર્મદા મૈયા બ્રિજ સહિત જૂના નેશનલ હાઈવે પર મંગળવારે સવારથી જ પોલીસની ટીમો સ્પીડગન સાથે તેનાત કરાઇ હતી. સરકારે ફાળવેલા ખાસ વાહનમાં ટ્રાફિક વિભાગની ટીમે તપાસ શરૂ કરી હતી. નર્મદા મૈયા બ્રિજ પર વધેલાં અકસ્માતો બાદ કલેકટરે જાહેરનામુ બહાર પાડી દરેક વાહનની ગતિ મર્યાદા 40 કિમી કરી દીધી છે. પહેલાં દિવસે પોલીસના હાથે ઝડપાયેલાં વાહનચાલકોએ અનેક બહાના બતાવ્યાં હતાં. ભૂલ થઇ ગઈ છે, આટલી વખત જવા દો સહીતની દલીલો કરી હતી. ઓવર સ્પીડ, સીટ બેલ્ટ , હેલ્મેટ, ટ્રિપલ સવારી ,દસ્તાવેજ વગર ગાડી ડિટેઇન કરવામાં આવી હતી. તો ઓવર સ્પીડમાં 13 સહીત અલગ અલગ વાહન નિયમન ભંગ બદલ 27 વાહનચાલકો સામે કાર્યવાહી કરી 33,500ના દંડની વસુલાત કરવામાં આવી છે તેમ ટ્રાફિક વિભાગના પીએસઆઇ એસ.કે.ગામીતે જણાવ્યું હતું.



પોલીસકર્મીઓએ સ્પીડગનની મદદથી ઝડપ માપી હતી.

# અંકલેશ્વરમાંથી ગુમ બાળક મળી આવ્યું

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરના રાજપીપળા રોડ પર આવેલી સોનમ સોસાયટીમાં રહેતા અમોલસિંગ ગૌડનો 8 વર્ષીય પુત્ર આરૂન રમતા રમતા ગુમ થઈ ગયો હતો જેની શોધખોળ પરિવાર કરી રહ્યા હતા દરમિયાન બાળક હાઈવે પરથી વાલિયા ચોકડી પર પહોંચી ગયું હતું અને ત્યાં રખડપટ્ટી કરતા નજરે પડતા સ્થાનિકો દ્વારા ટ્રાફિક પોલીસને જાણ કરી હતી. પોલીસે સોનમ નગર ખાતે પહોંચી બાળકને તેના વાલીઓને સોંપ્યો હતો.

**DATE: 29/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

## તસ્કર અંકલેશ્વરની પ્રતિન ચોકડીનો રહેવાસી

# કેબલબ્રિજ પાસેથી મોબાઈલ ચોરી કરનાર આરોપી ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંક્લેશ્વર રેલ્વે સ્ટેશન પાસે ચોરી નો મોબાઈલ વેચવા ફરતો મોબાઈલ ચોરને પોલીસે ઝડપી પાડ્યો હતો. કેબલ બ્રિજ નજીક બોરડી વગામાંથી મોબાઈલ ચોરી કરી હોવાની કબૂલાત કરી હતી.

શહેર પોલીસની ટીમ પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન ચોક્કસ માહિતી મળી હતી કે અંક્લેશ્વર રેલ્વે સ્ટેશન વિસ્તારમાં એક ઈસમ ચોરીનો મોબાઈલ વેચવા ફરી રહ્યો છે. જે આધારે પોલીસે સર્ચ કરતા અંક્લેશ્વર રેલ્વે સ્ટેશન નજીક થી મૂળ અમદાવાદ અને હાલ પ્રતિન ચોકડી ફૂટપાથ પર રહેતા શક્તિસિંહ સુરજસિંહ રાઠોડ ને પોલીસે ઝડપી પાડ્યો હતો તેની પાસે એક ઓપો કંપનીનો મોબાઈલ મળી આવ્યો હતો. જે અંગે પૂછપરછ કરતા મોબાઈલ અંક્લેશ્વર કેબલ બ્રિજ નજીક બોરડી વગા વિસ્તાર માંથી ચોરી કર્યો હોવાની કબૂલાત કરી હતી. પોલીસે 5000 નો મોબાઈલ જપ્ત કરી શક્તિસિંહ સુરજ સિંહ રાઠોડ ની ધરપકડ કરી હતી.

**DATE: 30/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE–07**

# ભરણ ગામ પાસેથી વિદેશી દારૂ સાથે બે ઈસમો ઝડપાયા

અંકલેશ્વર : ભરૂચ એલસીબી પોલીસની ટિમ પેટ્રોલિંગ માં હતી તે દરમ્યાન અંકલેશ્વરના ભરણ ગામની સીમમાં દારૂનું વેચાણ કરી રહ્યો હોવાની મળેલી માહિતી ના આધારે રેડ કરતા નવા તરીયા ગામના અજય હસમુખ પટેલ અને રાજેશ ખુમાન વસાવાને ઝડપી પાડી ૩૩.૬૦૦ની કિંમતનો વિદેશીદારૂનો જથ્થો કબ્જે કરી મુકેશ અર્જુન વસાવાને વોન્ટેડ જાહેર કર્યો હતો.

**DATE: 30/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–11**

# ભરૂચમાં મુસ્લિમ બિરાદરોએ ઈદની ઉજવણી કરી



ભરૂચ, અંકલેશ્વરઃ ભરૂચ સહિત સમગ્ર જિલ્લામાં બકરી ઇદની મુસ્લિમ બિરાદરો દ્વારા કુરબાની આપી ઉજવણી કરવામાં આવી હતી. ઈસ્લામ ધર્મના મહાન પયગંબર હજરત ઈબ્રાહિમ અલેહી સલામ અને હજરત ઈસ્માઈલ સલામની યાદમાં ઈદ-ઉલ-અઝહા (બકરી ઈદ) નો તહેવાર મનાવવામાં આવે છે. ઇદના તહેવારને અનુલક્ષીને જિલ્લા પોલીસ વિભાગ દ્વારા મુસ્લિમ વિસ્તારો તેમજ મસ્જિદોની આસપાસ પોલીસ બંદોબસ્ત ખડકી દેવાયો હતો. મુસ્લિમ બિરાદરોએ પરંપરાગત કુરબાની આપી ખાસ નમાઝ અદા કરી બકરી ઇદનું પર્વ ઉજવ્યું હતું. સાથે જ એકબીજાને મુસ્લિમ સમાજે ઇદ ઉલ અઝહાની મુબારકબાદી પાઠવી હતી.

# ભરૂચમાં ચોરીના બે ગુનાના આરોપીઓ ઝડપાયા

ભરૂચ: ભરૂચ જિલ્લામાં બે અલગ અલગ પોલીસ સ્ટેશનના ચોરીના ગુનામાં વોન્ટેડ આરોપીઓ ઝડપાયા હતા.આમોદ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી. તે સમયે બાતમીદાર દ્વારા મળેલી માહિતીના આધારે ભરૂચ તાલુકા પોલીસ સ્ટેશનના ચોરીના ગુનાનો વોન્ટેડ આરોપી ગોપાલ ઉર્ફે ગોપીભાઈ બાબુભાઈ સલાટ (રહે.,આમોદ)ને જી.ઇ.બી. ચોકડી આમોદથી ઝડપી લઈ વધુ તપાસ અર્થે તાલુકા પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો છે. જ્યારે અન્ય એક કેસમાં ગાડીના સાઈલેન્સરની ચોરીમાં સંડોવાયેલા આરોપીને ધોળકાથી દબોચી લેવાયો છે. જેમાં અંકલેશ્વર એ-ડિવિઝન પોલીસમથકનો ઇક્કો કારના સાઈલેન્સરની ચોરીમાં સંડોવાયેલો આરોપી અમદાવાદના ધોળકા ખાતે ફરી રહ્યો છે. જેવી બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવી હતી અને ધોળકાના ગધેમાર ખોડિયાર માતાજીના મંદિર પાસે રહેતો મુનાવર અબ્દુલ ગફાર શેખને ઝડપી પાડી વધુ તપાસ હાથ ધરી છે.

**DATE: 30/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE–04**

# ધો-૯ ની સગીરાને ભગાડી જઈ વારંવાર દુષ્કર્મ આચરનાર યુવક ઝડપાયો

ભરૂચ તા.૨૯

ભરૂચ શહેરના સ્લમ વિસ્તારમાં રહેતો યુવક ધો-૯ માં અભ્યાસ કરતી વિદ્યાર્થીને ભગાડી લઈ જઈ વારંવાર દુષ્કર્મ આચરતા યુવક સાથે બળાત્કાર અને પોક્સો એક્ટ હેઠળ ગુનો દાખલ કરી જેલને હવાલે કર્યો હતો.

## એક મહિના અગાઉ સગીરાને ભગાડી ગયા બાદ કોસંબા પાસેના શાહ ગામમાંથી પકડાયા

ભરૂચમાં ખેતરમાં મજૂરી કામ માટે માતા ગઈ હતી.તે સમયે ધો-૯માં અભ્યાસ કરતી દીકરી પડીકું લેવાના બહાને નીકળ્યા બાદ પરત નહીં આવતા સતત શોધખોળ કરી હતી.તે બાદ દીકરી મળી ન હતી.

તે સમયે જાણ થઈ હતી કે એક યુવક પણ ગુમ હતો.તેથી ફરિયાદીની દીકરીને ભગાડી ગયો હોવાના વાયરલ ફોટા સામે આવતા ૮ દિવસની શોધખોળ બાદ આખરે પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.સગીરાને અજય સંજય વસાવા (ઉ.વ. ૨૫ )ભગાડી ગયો હતો.તેના ફોટા પણ રજૂ કર્યા હતા.જેના કારણે પોલીસે અપહરણ અને પોક્સો એક્ટ હેઠળ ફરિયાદ દાખલ કરી હતી.પોલીસે તપાસ કરતા તે સુરત તરફ કોસંબા પાસે શાહ ગામમાં યુવક સગીરાને લઈ સંતાયો હોવાની બાતમી મળતા પોલીસે તપાસ શરૂ કરી હતી,સ્થળ પર નિરીક્ષણ કરતા સગીરા અને યુવક અજય સંજય વસાવા ઝડપાઈ ગયો હતો.પોલીસની તપાસ દરમિયાન અજય વસાવાએ સગીરા ઉપર બળાત્કાર ગુજાર્યો હોવાનું જણાયુ હતુ.બંનેના મેડિકલ પરીક્ષણ કરી અજય વસાવા સામે વધુ આઈ પી સીની કલમનો ઉમેરો કરી જેલ ભેગો કર્યો છે.

**DATE: 30/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE–01**

## બેંકના એટીએમ સાથે છેડછાડ કરી એરર લાવી

# બેંક સાથે રૂા.૨.૮૮ લાખની છેતરપિંડી કરનાર ગઠિયો ઝડપાયો

ભરૂચ,તા.૨૯

ભરૂચ જિલ્લાના પાલેજ અને મુક્તીનગર સ્થિત ભરૂચ ડિસ્ટ્રીક્ટ બેન્કના એટીએમ સાથે છેડછાડ કરી ટેકનિકલ એરર લાવી નાણા ઉપાડ્યા બાદ કસ્ટમરકેર પર નાણા નહીં નીકળ્યા હોવાની ફરિયાદ આપી બેન્ક પાસેથી નાણા મેળવી લઈ છેતરપિંડી કરતા ગઠિયાને એલસીબી પોલીસે પાલેજ જીઆઈડીસી ખાતેથી ઝડપી પાડ્યો હતો.

## ભેજાબાજે ભરૂચના મુક્તિનગર અને પાલેજના ભરૂચ ડિસ્ટ્રિક્ટ બેંકના એટીએમ સાથે છેડછાડ કરી બેંક પાસેથી નાણા પડાવ્યા

ભરૂચ જિલ્લા એલસીબી પોલીસને ભરૂચ ડિસ્ટ્રીકટ સેન્ટ્રલ કો.ઓ.બેંક પાલેજ તથા ભરૂચ મુક્તીનગર ખાતેના એટીએમ સેન્ટરમાં કેશ ડીસ્પેન્સર સાથે છેડછાડ કરી,સિસ્ટમના ડેટાબેઝ તથા અન્ય સોફ્ટવેર પોગ્રામને નુક્સાન પહોંચાડી એ.ટી.એમમાં એરર લાવી, નાણા ઉપાડી અજાણ્યા શખ્સો દ્વારા બેંક સાથે છેતરપિંડી થઈ હોવાની રજૂઆત થઈ હતી. જેના આધારે લોકલ ક્રાઈમ બ્રાંચની ટેકનિકલ ટીમ તથા



ફીલ્ડ વર્કની ટીમ દ્વારા સી.સી.ટીવી ફૂટેજ, બેંકના એટીએમ સેન્ટરનો ડેટા મેળવી ટેકનિકલ સર્વેલન્સના આધારે તપાસ હાથ ધરી હતી. દરમિયાન એલ.સી.બી.પોલીસ પેટ્રોલિંગમાં હતી, તે સમયે ઉક્ત ગુનામાં સંડોવાયેલો ઈસમ પાલેજ નજીક હોવાની બાતમીના આધારે એલ.સી.બી. ટીમે પાલેજ જી.આઈ.ડી.સી.માં આવેલી ખાનગી કંપનીમાંથી તેને ઝડપી લઈ તેની પૂછપરછ કરતાં તેણે પોતાનું નામ સુધીર ઉમાશંકર રાઠોડ (હાલ રહે. પાલેજ મદીના મસ્જિદ પાસે, મૂળ રહે. ઉમરપુર થાના, યુ.પી) હોવાનું જણાવ્યું હતું. તેમજ છેલ્લા છ મહિના

(અનુસંધાન બીજા પાને)

DATE: 01/07/2023 CATEGORY: GREEN
E-PAPER GUJARATMITRA PAGE–08

# ભરૂચમાં ઓનલાઇન ગુના અંગે જાગૃતિ સેમિનાર

ભરૂચ: ભરૂચની કે.જે. પોલિટેકનિક કોલેજ ખાતે પોલીસ દ્વારા સાયબર ક્રાઇમ અવેરનેસ અંગે એક કાર્યક્રમ આયોજિત કરાયો હતો, જેમાં પ્રોફેસરો, વિદ્યાર્થીઓ મળી ૩૦૦ લોકો હાજર રહ્યા હતા.

**DATE: 01/07/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

# ઝઘડિયાનો વોન્ટેડ આરોપી ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ।ઝઘડિયા

ઝઘડિયા જીઆઈડીસી પોલીસ મથકમાં નોંધાયેલ મારામારી તથા એટ્રોસીટીના ગુના હેઠળ નાસતા ફરતા અને ગુનાહિત ઈતિહાસ ધરાવતા આરોપી અને તલોદરાના રહેવાસી હિતેશ પટેલને પોલીસે મુંબઈથી ઝડપી પાડયો છે. આરોપી મીરા ભયંદર રોડ ઉપર આવેલ સંત થોમસ ચર્ચ હોલ પાસે હોવાની માહીતી મળતાં પોલીસે છાપો મારી તેને ઝડપી પાડયો હતો. હાલ તેને અંકલેશ્વર બી ડીવીઝન પોલીસને સોંપવામાં આવ્યો છે.

**DATE: 01/07/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### વાલિયા પોલીસે 2.51 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

# ભિલોડ ગામેથી 51 હજારના દારૂ સાથે ખેપિયો ઝડપાયો

ભાસ્કરન્યૂઝ | ભરૂચ

વાલિયા તાલુકાના ભિલોડ ગામેથી પોલીસે ઈકો કારમાં દારૂની ખેપ મારતાં ધારોલી ગામના શખ્સને ઝડપી પાડી 51 લાખના દારૂ તેમજ કાર મળી કુલ 2.51 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

વાલિયા પોલીસની ટીમ બકરી ઈદના બંદોબસ્તમા હતી તે વેળાં ચોક્કસ બાતમી મળી હતી કે, ધારોલીનો સુનિલ વિનોદ વસાવા ઈકો કારમાં અંકલેશ્વરથી દારૂ ભરી લાવે છે. જેના પગલે ટીમે ભિલોડ ગામ પાસે વોચ ગોઠવી હતી. દરમિયાનમાં બાતમી મુબજની ઈકો કાર આવતાં ટીમે કારમાંથી સુનિલ વિનોદ વસાવા (રહે. પારડી ફળીયું, ધારોલી)ને ઝડપી પાડ્યો હત. તેમને કારમાં તપાસ કરતાં તેમાં વિદેશીદારૂની પેટીઓ ભરેલી મળી આવી હતી. જેની તપાસ કરતાં કુલ 51 હજારની મત્તાની દારૂ તેમજ બિયરની 208 બોટલો મળી આવી હતી. તેણે દારૂનો જથ્થો ક્યાંથી લાવ્યો તે અંગેની પુછપરછ કરતાં તેણે જણાવ્યું હતું કે, ખરચી ગામે રેહતાં હરેશ ઉર્ફે બમબમ નરસિંહ વસાવાએ તેને દારુ ભરી આપ્યો હતો.

**DATE: 01/07/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### અંકલેશ્વરનો અનશ લહેરી પોલીસને ચકમો આપતો હતો

# ચોરીના 42 થી વધુ ગુનામાં ફરાર આરોપી બાકરોલ નજીકથી ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

બાઈક ચોરી થી માંડી ભંગાર ચોરી થી માંડી 42 થી વધુ ગુના માં સંડોવાયેલા આરોપીને ઝડપી પાડયો છે. આરોપી સામે 2016 થી 2020 દરમિયાન 42 થી વધુ ગુના અલગ -અલગ પોલીસ મથકે નોંધાયેલા હતાં. આરોપીઅનશ લહેરીને કોર્ટમાં રજૂ કરતા 2 દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા.

ભરૂચ જિલ્લા ના રીઢા અને વોન્ટેડ ગુનેગારો ને ઝડપી પાડવા માટે ભરૂચ એલસીબીની ટીમ કામગીરી કરી રહી છે. દરમિયાન ચોરીના અનેક ગુનામાં સંડોવાયેલો અનશ લહેરી બાકરોલ બ્રિજ નીચે ઉભો છે તેથી વોચ ગોઠવીને આરોપીને ઝડપી લેવાયો હતો.પ્રાથમિક પૂછપરછમાં આરોપી બાઈક, ભંગાર ચોરી સહીત 42 જેટલા ગુનામાં સંડોવાયેલો છે. આરોપીને અંકલેશ્વર કોર્ટમાં રજૂ કરતા તેના બે દિવસના રીમાન્ડ મંજૂર કરાયાં છે. 2016 થી 2020 દરમિયાન અલગ અલગ પોલીસ મથકે તેની સામે 42 જેટલા ગુના નોંધાયેલા છે. તાજેતરમાં અંકલેશ્વર દિવા રોડ પર થી એક આધેડની ચોરીની બાઈક સાથે પોલીસે ધરપકડ કરી હતી. જે ચોરી ની બાઈક પણ અનશ લહેરીએ વેચી હોવાનું પૂછપરછ માં સામે આવ્યું હતું. આરોપી ઘણા સમયથી પોલીસને ચકમો આપી નાસતો ફરતો હતો. અંકલેશ્વર તાલુકા પોલીસે આરોપીનો કબજો મેળવી તેની અન્ય કોઈ ગુનામાં સંડોવણી છે કે કેમ તેની તપાસ આદરી છે.

### ઝોલાછાપ તબીબો પર પોલીસની તવાઇ, 1.70 લાખની દવા જપ્ત કરી

# ડિગ્રી વિના એલોપેથી દવાઓ આપવાનો ખેલ, 7 તબીબ ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ શહેર જિલ્લામાં બોગસ તબીબોનો રાફડો ફાટી નિકળ્યો છે. ત્યારે એસઓજીની ટીમે બોગસ તબીબોને ઝડપી પાડવાની ઝૂંબેશ હાથ ધરી છે. જેના પગલે જિલ્લાભરમાં અલગ અલગ ટીમોએ તપાસ કરતાં કુલ 7 બોગસ તબીબો ઝડપયાં હતાં.

ભરૂચ જિલ્લામાં ઔધ્યોગિક વસાહતોને કારણે માનવવસ્તી વધી છે. ત્યારે ગ્રામ્ય વિસ્તારોમાં કે જ્યા શ્રમજીવી લોકો વધુ રહેતાં હોય ત્યાં બોગસ ડોક્ટરોનો રાફડો ફાટી નિકળ્યો છે. છાસવારે પોલીસ દ્વારા બોગસ તબીબોને જેર કરાય છે.

## ઝડપાયેલાં બોગસ તબીબોના નામ

| | |
|---|---|
| મનોજ ચંપક વખારિયા | શુભલક્ષ્મી બંગ્લોઝ, ઝાડેશ્વર રોડ |
| કરોરસિંગ દર્શનસિંગ સંન્ધુ | પુષ્પકુંજ સોસાયટી, ઝાડેશ્વર રોડ. |
| ત્રિનાથ બાબુરામ બિસ્વાસ | રાજપીપળા રોડ, સારંગપુર અંક્લેશ્વર |
| તુષાર શ્યામપદ રોય | આઇએસ રેસિ. સારંગપુર, અંક્લેશ્વર |
| અબ્દુલ અબ્દુર રઉફ | રોશન સોસાયટી, પિરામણ, અંક્લેશ્વર |
| અરવિંદ દુખી વિશ્વકર્મા | મહાદેવ ટેકરો, પિલુદ્રા, જંબુસર |
| પરેશ મનહરલાલ કંસારા | અભ્યુદય હાઇટ્સ, દહેજ |

ત્યારે ભરૂચ એસઓજી પીઆઇ એ. એ. ચૌધરીના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ આર. એલ. ખટાણા તેમજ પીએસઆઇ આર. એસ. ચાવડાએ તમની ટીમ સાથે જિલ્લાભરમાં અલગ અલગ સ્થળે તપાસ કરતાં અંક્લેશ્વર જીઆઇડીસી માંથી બે તેમજ અંક્લેશ્વર બી ડિવિઝન, વાગરા, વેડચ, નબીપુર તથા ભરૂચ એ ડિવિઝન વિસ્તારમાંથી 7 બોગસ તબીબો ઝડપી પાડ્યાં હતાં. ટીમે તેની પાસેથી કુલ 1.70 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

**DATE: 02/07/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### ભેંસલી ગામે હોમી શેઠ તેમના ફાર્મ હાઉસ પાસે ખાડીમાં કેમિકલ ઠાલવવાનો વેપલો

# ભરૂચના નામાંકિત પારસી સહિત બે કેમિકલ વેસ્ટના ગોરખધંધામાં ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

દહેજ રોડ પર આવેલાં ભેંસલી ગામે આવેલાં હોમી શેઠના ફાર્મ હાઉસ પાસે ટેન્કરમાંથી ખાડીમાં કેમિકલ ઠાલવતાં બે શખ્સોને દહેજ પોલીસે ઝડપી પાડ્યાં હતાં. જ્યારે કેમિલક ભરેલું ટેન્કર આપનાર શખ્સને વોન્ટેડ જાહેર કર્યો હતો. ટીમે તેમની પાસેથી 20 લાખનું ટેન્કર તેમજ તેમાં ભરેલું કમિકલ સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

દહેજ પોલીસની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, ભેંસલી ગામે આવેલાં હોમી શેઠના ફાર્મ હાઉસ પાસે આવેલી ખાડીમાં હોમી શેઠ દરરોજ વેસ્ટેજ કેમિકલના ટેન્કર ખાલી કરાવી પર્યાવરણ તેમજ ખાડીના સજીવ સૃષ્ટીને નુકશાન કરે છે. જેના પગલે ટીમે રાત્રીના સમયે વોચ ગોઠવી હતી.

દરમિયાનમાં રાત્રીના દોઢેક વાગ્યાના અરસામાં એક ટેન્કર ભરૂચ-દહેજ હાઈવે પરથી ઉતરી ભુખી ખાડીના પુલ નજીકના રસ્તે થઈ હોમી શેઠના ફાર્મહાઉસમાં ગયું હતું. જેના પગલે ટીમે સ્થળ પર દરોડો પાડતાં બે શખ્સો ટેન્કર પ્લાસ્ટીકની પાઈપ જોડી તે પાઈપ સાથે હોર્સ પાઈપ જોડી ટેન્કરમાંનુ કેમિકલ ખાડીમાં ઠાલવતાં રંગે હાથ ઝડપાઈ ગયાં હતાં.

બન્નેના નામ પુછતાં એકનું નામ હોરમજદ ઉર્ફે હોમી શેઠ જાલભાઈ વખારીયા (રહે. ભેંસલી બંગલી, મુળ રહે. બેગમવાડી, કોટ પારસીવાડ, ભરૂચ) જ્યારે ટેન્કર ચાલકનું નામ ઈશ્વર ભલા ભરવા (રેહ. વટવા અમદાવાદ) હોવાનું માલુમ પડ્યું હતું . ટીમે તેમની પાસેથી વેસ્ટેજ કેમિકલ ભરેલું 20 લાખનું ટેન્કર, બે મોબાઈલ, સહિત 20.31 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

ટેન્કર ચાલકે જણાવ્યું હતું કે, અમદાવાદના વટવા ખાતે રહેતાં તેના શેઠ નાગજી અણદા ભરવાડના કહેવાથી તે ત્યાં કમિકલ ખાલી કરવા આવ્યો હતો. બનાવને પગલે દહેજ પોલીસે ત્રણેય વિરૂદ્ધ પર્યાવરણ અને જીવ સૃષ્ટીને નુકશાન થાય તેવુ કૃત્ય આચર્યું હોવા સબબમાં ફરીયાદ નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 02/07/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### નેત્રંગના થવા પાસે એલસીબીની કાર્યવાહી

# બોલેરોમાં ચોરખાનુ બનાવી દારૂની હેરાફેરી કરતાં 2 ઝબ્બે

ભાસ્કરન્યૂઝ | નેત્રંગ

ભરૂચ એલસીબીએ નેત્રંગ નજીકથી બે બુટલેગરોને બોલેરો જીપ સાથે ઝડપી પાડ્યાં છે. બંને બુટલેગરોએ પોલીસને ચકમો આપી દારૂની હેરાફેરી કરવા માટે બોલેરોમાં ખાસ ચોરખાનું બનાવ્યું હતું પણ પોલીસની નજરમાંથી બચી શક્યાં ન હતાં.

થવા ચેકપોસ્ટ ખાતે એલસીબીની ટીમે ચોકક્સ બાતમીના આધારે વોચ ગોઠવી હતી. જેમાં એક બોલેરો જીપ આવતાં તેને રોકી તલાશી લેવામાં આવી હતી પણ પ્રાથમિક તબકકે પોલીસને કઇ વાંધાજનક મળ્યું ન હતું પણ ઝીણવટભરી તપાસમાં બોલેરામાં એક ચોરખાનું બનાવાયું હોવાનું જણાતાં તેમાંથી દારૂની બોટલો મળી આવી હતી. વલસાડાના કોટલાવ ગામના યક્ષય પટેલ અને બોરડી ફળિયાના ચેતન પટેલની ધરપકડ કરી હતી. 7 લાખની જીપ સહિત કુલ 7.80 લાખનો મુદામાલ જપ્ત કરાયો છે.

## અંકલેશ્વરમાં કોઇ પણ પરવાહ વિના ટ્રાફિક નિયમન કર્યું, રેઇનકોટની સુવિધા જરૂરી

# મહિલાની કાર્યનિષ્ઠતા, વરસાદમાં પણ ફરજ નિભાવી

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર વરસતા વરસાદ વચ્ચે મહિલા બીટીઈટી કર્મચારી ને પોલીસ નું ટ્રાફિક નિયમન કરતા દ્રશ્યો એ લોકો સલામ કરવા મજબૂર કર્યા હતા. હસ્તી તળાવ વિસ્તારમાં એક તરફ ચોકડી પર પાણી ભરવો અને બીજી તરફ આમલાખાડી માર્ગ બંધ થતા ટી બ્રિજ પર વાહનવ્યવહાર ડાયવર્ટ થતા વાહન કતાર જોવા મળી હતી.



અંકલેશ્વરમાં પીરામણ ઓવર બ્રિજ નીચે પાણી ભરાઈ જતા વાહન વ્યવહાર બંધ થઈ ગયો હતો. બીજી તરફ ઓએનજીસી ઓવરબ્રિજ સમારકામ ને લઈ તોડી પાડવા માં આવ્યો છે. આ વચ્ચે એક માત્ર ગડખોલ બ્રિજ માર્ગ જ રહ્યો હતો અને વાહનોની સંખ્યા વધી જતાં ટ્રાફિકજામ થવા લાગ્યો હતો. હસ્તી તળાવ વિસ્તારમાં વરસાદી પાણી રોડ પર જોવા મળ્યા હતા. વાહન વ્યવહાર અટકે નહીં તે માટે પોલીસના ટ્રાફિક જવાનો તેમજ બી ટી.ઈ.ટીની મહિલા કર્મચારી ભારે વરસાદ વચ્ચે રોડની વચ્ચે રેઈનકોટ કે છત્રીનો સહારો લીધા વગર ટ્રાફિક નિયમન કર્યું હતું. એકથી દોઢ કલાક સુધી આ સ્થિતિ જોવા મળી હતી.આ ઉપરાંત અન્ય સ્થળે પર પોલીસ જવાનો વરસાદ વચ્ચે ફરજ બજાવતા જોવા મળ્યા હતા અને તેમને વાહનચાલકોએ બિરદાવ્યાં હતાં.